૨. જાગને જાદવા

જાગને જાદવા, કૃષ્ણ ગોવાળિયા, તુજ વિણ ધેનમાં કોણ જાશે ?
ત્રણસેં ને સાઠ ગોવાળ ટોળે મળ્યા, વડો રે ગોવાળિયો કોણ થાશે ?
દહીં તણાં દહીંથરાં ઘી તણાં ઘેબરાં, કઢિયેલ દૂધ તે કોણ પીશે ?
હરિ તાર્યો હાથિયો, કાળિનાગ નાથિયો, ભૂમિનો ભાર તે કોણ લેશે ?
જમુનાને તીરે, ગૌધણ ચરાવતાં, મધુરી શી મોરલી કોણ વહાશે ?
ભણે 'નરસૈંયો' તારા ગુણ ગાઈ રીઝિયે, બૂડતા બાંહેડી કોણ ઝાલશે ?

૩. જે ગમે જગદ્‌ગુરુ દેવ જગદીશને

જે ગમે જગદ્‌ગુરુ દેવ જગદીશને, તે તણો ખરખરો ફોક કરવો;
આપણો ચિંતવ્યો અર્થ કાંઈ નવ સરે, ઊગરે એક ઉદ્વેગ શાને ધરવો. જે૦
હું કરું હું કરું એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ શ્વાન તાણે;
સૃષ્ટિ મંડાણ છે સર્વ એણી પેરે, જોગી જોગેશ્વરા કોઈક જાણે. જે૦
નીપજે નરથી તો કોઈ ના રહે દુઃખી, શત્રુ મારીને સૌ મિત્ર રાખે;
રાય ને રંક કોઈ દૃષ્ટે આવે નહિ, ભવન પર ભવન પર છત્ર દાખે. જે૦
ઋતુ-લતાપત્ર-ફળ-ફૂલ આપે યથા, માનવી મૂર્ખ મન વ્યર્થ શોચે;
જેહના ભાગ્યમાં જે સમે જે લખ્યું, તેહને તે સમે તે જ પહોંચે. જે૦
ગ્રંથ ગરબડ કરી વાત ન કરી ખરી, જેહને જે ગમે તેને પૂજે;
મન-કર્મ-વચનથી આપ માની લહે, સત્ય છે એ જ મન એમ સૂઝે. જે૦
સુખ સંસારી મિથ્યા કરી માનજો, કૃષ્ણ વિના બીજું સર્વ કાચું;
જુગલ કર જોડી કરી 'નરસૈંયો' એમ કહે,
જન્મ પ્રતિજન્મ હરિને જ જાચું. જે૦

★ સાચો પશ્ચાત્તાપ તો એ જ કહેવાય કે પાપ કરવાનું જ છોડી દઈએ.
- મા આનંદમયી

★ સત્યથી મોટો કોઈ ધર્મ નથી, અસત્યથી મોટું કોઈ પાપ નથી.
- સ્વામી વિવેકાનંદ

૪. લાગ્યો નરસૈંયાને નાદ

લાગ્યો નરસૈંયાને નાદ, પ્રભુના નામે ઘેલો થયો;
એણે ચાખ્યો ભજનનો સ્વાદ,
પ્રભુના નામે ઘેલો થયો.
બાળપણે મૂંગો હતો, સંતે કીધો છે વાચાળ;
સંતકૃપાથી બોલ્યો એ તો, રાધેશ્યામ ઉચ્ચાર. પ્રભુના૦
ભાભી મહેણા મારતી, કમાય ના કંઈ દામ;
જ્યાં ત્યાં રહે છે ભટકતો, એનું ધંધામાં ન ધ્યાન. પ્રભુના૦
મહેણાથી કંટાળીને નીકળ્યો ઘરની બહાર;
શંકરની સ્તુતિ કરી, એણે નીરખ્યો નંદકુમાર. પ્રભુના૦
રંગે રમતો કાનુડો, ને ગોપિકાઓ સાથ;
મસાલ લઈને નાચતાં, સળગ્યો આખો હાથ. પ્રભુના૦
પ્રભુને નીરખી આવ્યો, જૂનાગઢની માંય;
સરસ્વતી જીભે વસી, ગીત ગોવિંદના ગાય. પ્રભુના૦
'રામભક્ત'ના શ્યામને, સોંપ્યો સઘળો ભાર;
કરવા માંડ્યા ખંતથી એ તો ભજનનો વેપાર. પ્રભુના૦

૫. વૈષ્ણવજન તો તેને કહીએ

વૈષ્ણવજન તો તેને કહીએ, જે પીડ પરાઈ જાણે રે;
પરદુઃખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણે રે.....
સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે;
વાચ-કાછ-મન-નિશ્ચલ રાખે, ધન ધન જનની તેની રે....
સમદૃષ્ટિ ને તૃષ્ણા ત્યાગી, પરસ્ત્રી જેને માત રે;
જિહ્વા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથ રે.....
મોહ માયા વ્યાપે નહિ તેને, દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે;
રામનામ શું રે તાળી લાગી, સકળ તીરથ તેના તનમાં રે....
વણલોભી ને કપટરહિત છે, કામ ક્રોધ નિવાર્યા રે;
ભણે 'નરસૈંયો' તેનું દર્શન કરતાં, કુળ ઈકોતેર તાર્યા રે....

૬. સુખદુઃખ મનમાં ન આણિયે

સુખદુઃખ મનમાં ન આણિયે, ઘટ સાથે રે ઘડિયાં;
ટાળ્યાં તે કોઈનાં નવ ટળે, રઘુનાથનાં જડિયાં. સુખ.
નળરાજા સરખો નર નહિ, જેની દમયંતી રાણી;
અર્ધે વસ્ત્રે વનમાં ભમ્યાં, ન મળ્યાં અન્ન ને પાણી. સુખ.
પાંચ પાંડવ સરખા બંધવા, જેને દ્રૌપદી રાણી;
બાર વરસ વન ભોગવ્યાં, નયને નિદ્રા ન આણી. સુખ.
સીતા સરખી સતી નહિ, જેના રામજી સ્વામી;
રાવણ તેને હરી ગયો, સતી મહાદુઃખ પામી. સુખ.
રાવણ સરખો રાજિયો, જેની મંદોદરી રાણી;
દશ મસ્તક છેદાઈ ગયાં, બધી લંકા લૂંટાણી. સુખ.
હરિશ્ચંદ્ર રાય સતવાદિયો, તારાલોચની રાણી;
તેને વિપત્તિ બહુ પડી, ભર્યાં નીચ ઘેર પાણી. સુખ.
શિવજી સરખા સતા નહિ, જેને પાર્વતી રાણી;
ભોળવાયા ભીલડી થકી, તપમાં ખામી ગણાણી. સુખ.
સર્વ દેવને જ્યારે ભીડ પડી, સમર્યા અંતરજામી;
ભાવટ ભાંગી ભૂધરે, મહેતા 'નરસૈંયા'ના સ્વામી. સુખ.

૭. નીરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો

નીરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો, તે જ હું, તે જ હું શબ્દ બોલે;
શ્યામના ચરણમાં ઇચ્છું છું મરણ રે, અહીંઆ કોઈ નથી કૃષ્ણ તોલે.
શ્યામ, શોભા ઘણી, બુદ્ધિ ના શકે કળી, અનંત ઓચ્છવમાં પંથ ભૂલી;
જડ ને ચૈતન્ય એકરસ કરી જાણવાં, પકડી પ્રેમ સંજીવની મૂળી. ની૦
ઝળહળ જ્યોત ઉદ્યોત રવિકોટમાં, હેમની કોર જ્યાં નીસરે તોલે;
સચ્ચિદાનંદ આનંદ ક્રીડા કરે, સોનાના પારણે તે ઝૂલે... ની૦
બત્તી વિણ, તેલ વિણ, સૂત્ર વિણ જો વળી, અચળ ઝળકે સદા અનળ દીવો;
નેત્ર વિણ નીરખવો, રૂપ વિણ પરખવો, જિહ્‌વાએ રસ સરસ પીવો. ની૦
અકળ અવિનાશી એ નવ જાયે કળ્યો, અરધ-ઉરધની માંહે મહાલે;
'નરસૈંયા'નો સ્વામી સકળ વ્યાપી રહ્યો, પ્રેમના તતમાં સંત ઝાલે. ની૦

૮. પઢો રે પોપટ રાજા રામના

પઢો રે પોપટ રાજા રામના, સતી સીતા પઢાવે;
પાસે બાંધી પાંજરું, મુખે રામ જપાવે. પઢો રે૦
પોપટ તારે કારણે, લીલા વાંસ વઢાવું;
તેનું ઘડાવું પોપટ પાંજરું, હીરે રતને જડાવું. પઢો રે૦
પોપટ તારે કારણે શી શી રસોઈ બનાવું ?
સાકરનાં કરી ચૂરમા, ઉપર ઘી પિરસાવું. પઢો રે૦
પાંખ પીળી ને પગ પાંડુરા, કોટે કાંઠલો કાળો,
'નરસૈંયા'ના સ્વામીને ભજો, રાગ તાણી રૂપાળો. પઢો રે૦

૯. કર મન ભજનનો વેપાર

ભજનનો વેપાર હરિ તારા નામનો આધાર રે;
બેડેલો પ્રભુ ઉતારે ભવપાર, કર મન ભજનનો વેપાર જી. ટેક
પરથમ સમરું ગણપતિ, સરસ્વતીને લાગું પાય જી;
દેવના ગુરુદેવને સમરું, (૨) જ્ઞાની જ્ઞાન બતાય. કર૦
હાડ જલે જેમ લાકડાં, અને બાલ જલે જેમ ઘાસ જી;
કંચનવર્ણી કાયા જલશે, (૨) કોઈ ન આવે પાસ. કર૦
શેરી લગણ તો સુંદરી, ઝાંપા લગણ મા-બાપ જી;
તીરથ સુધી બંધવો ભાઈ, (૨) ખોરીને બાળે હાડ. કર૦
માતા તારી જનમ રોશે, બેની બારે માસ જી;
તેર દિવસ તારી પ્રિયા રોશે, (૨) જાશે ઘરની બહાર. કર૦
જ્યાં સરોવર નીર ભરિયાં, પ્રથમ ન બાંધી પાળ જી;
નીર સઘળાં વહી જાશે, (૨) પાછળથી પસ્તાય. કર૦
મારું મારું મિથ્યા જાણો, જૂઠો જગ વહેવાર જી;
'નરસૈંયા'ના નાથને ભજી લે, (૨) ઉતારે ભવ પાર. કર૦

★ સત્ય એક જ છે. વિદ્વાન તેને અનેક પ્રકારથી વર્ણવે છે.
- ઋગ્વેદ

૧૦. કોઈનો ભાર ન રાખે મુરારિ

કોઈનો ભાર ન રાખે મુરારિ, આપે વ્યાજ શીખે ગર્થ વાળી;
સુદામાજીના તાંદુલ લીધા, તેના મહેલ કનકના કીધા રે. કોઈ૦
દ્રોપદીજીનું આવ્યું રે ટાણું, ચીર પૂર્યા નવ સો નવાણું;
પાટો બાંધ્યો છે પીડા જાણી, ચીર પૂર્યાની એ એંધાણી. કોઈ૦
થોડું ચંદન કુબ્જાનું લીધું, અને રૂપ અનુપમ દીધું;
ગોવાળિયે ઓછ્વ કીધો, વહાલે કર પર ગોવર્ધન લીધો. કોઈ૦
જેનું લીધું હતું તેનું દીધું, તેમાં પરમારથ શું કીધું ?
ધન્ય ધન્ય 'નરસૈંયા' તારી વાણી, એમ બોલ્યા સારંગપાણી. કોઈ૦

૧૧. બાનાની પત રાખ

બાનાની પત રાખ, પ્રભુ તારા બાનાની પત રાખ;
બાના રે માટે જો દુઃખ દેશે તો, કોણ પૂરે તારી શાખ ? પ્રભુ૦
રોહિદાસની તમે રાબડી લીધી, ને ન જોઈ જાત કે ભાત;
શાને માટે તમે સન્મુખ રહીને, નાઈ કહેવાયા નાથ ? પ્રભુ૦
પ્રહ્લાદની તમે પરતમા પાળીને, સ્તંભમાં પૂર્યો વાસ;
તાતી કઢા તમે શીતળ કીધી, સુધન્વાને કાજ. પ્રભુ૦
પંચાળીના પટકુળ પૂર્યા ને રાખી સભામાં લાજ;
સાયરમાંથી બૂડતો તાર્યો, રામ કહેતાં ગજરાજ. પ્રભુ૦
ઝેર હતાં તેના અમૃત કીધાં ને આપ્યાં મીરાંને હાથ;
મે'તાને માંડલિક મારવા આવ્યો, ત્યારે કેદારો લાવ્યા મધરાત. પ્રભુ૦
ભક્તોનાં તમે સંકટ કાપ્યાં ને, દ્રઢ આવ્યો વિશ્વાસ;
'નરસિંહ'ના સ્વામીને કહું કર જોડી, પૂરો અંતરની આશ. પ્રભુ૦

★ સુખી થવાનો એક જ રસ્તો છે - આવતીકાલ વધુ સારી ઊગશે તેવી આશા અકબંધ રાખવી, અને ઈશ્વર છેવટે સારું જ કરશે એવી શ્રદ્ધા કેળવવી.

- સંત શિવાનંદ મહારાજ

૧૨. વહાલો પ્રેમને વશ થયા

વહાલો પ્રેમને વશ થયા રાજી રે, એમાં શું કરે પંડિત ને કાજી રે ?
કરમાબાઈનો આરોગ્યો ખીચડો, ને વિદુરની ખાધી ભાજી;
જૂઠાં બોર શબરીનાં ખાધાં, વહાલે છપ્પન ભોગ મેલ્યા ત્યાગી રે. વ૦
વિદુરને ઘેર શ્રીકૃષ્ણ પધાર્યા, ને કેળાં આણ્યાં હતાં માગી;
ગર્ભ કાઢી નાખીને છાલ ખવડાવી, વહાલે તોયે ન જોયું જાગી રે. વ૦
ગણિકા હતી તે પોપટને પઢાવતી, ને તેમાંથી લેહ અતિ લાગી;
ભગવાન હતા તે સહેજમાં મળ્યા, એની સંસારની ભ્રમણા ભાંગી રે. વ૦
ભક્તની લોક નિંદા કરે, ને જગત થયું છે પાજી;
ભલે મળ્યા મહેતા 'નરસિંહ'ના સ્વામી, માથે ગિરિધર રહ્યો છે ગાજી રે. વ૦

૧૩. અમે વહેવારિયા શ્રીરામનામના

સંતો રે, અમે રે વહેવારિયા શ્રીરામનામના;
વેપારી આવે છે બધા ગામગામના રે. સંતો રે૦
અમારું વસાણું સંતો, સૌ કોઈને ભાવે;
અઢારે વરણ જેને વોરવાને આવે. સંતો રે૦
અમારું વસાણું સંતો, ખુટાડ્યું ના ખૂટે;
કાળદુકાળે ઓછું ન થાય, લૂંટવું હોય તે લૂંટે. સંતો રે૦
લાખ વિનાનાં લેખાં નહિ ને પાર વિનાની પૂંજી;
વોરવું હોય તો વોરી લેજો, કસ્તૂરી છે સોંઘી. સંતો રે૦
રામનામ ધન અમારે, વાજે ને ગાજે;
છપ્પન ઉપર ભેર, ભોરી ભૂંગળ વાજે. સંતો રે૦
આવરો ને ખાતાવહીમાં, લક્ષ્મીવરનું નામ,
ચિઠ્ઠીમાં ચતુરભુજ લખિયા, 'નરસૈંયા'નું કામ. સંતો રે૦

★ **સ્વાસ્થ્યપ્રદ રહેવું પરમ લાભદાયી છે. સંતોષ પરમ ધન છે. વિશ્વાસ સૌથી મોટો ભાઈ છે, અને નિર્વાણ પરમ સુખ છે.**
- ભર્તૃહરિ

૧૪. નારાયણનું નામ જ લેતાં

રાયણનું નામ જ લેતાં, વારે તેને તજીએ રે,
મનસા-વાચા-કર્મણા કરીને, લક્ષ્મીવરને ભજીએ રે. નારાયણ૦
કુળ તજીએ કુટુંબને તજીએ, તજીએ મા ને બાપ રે;
ભગિની - સુત - દારાને તજીએ, જેમ તજે કંચુડી સાપ રે. નારાયણ૦
પ્રથમ પિતા પ્રહ્‌લાદે તજિયો, નવ તજિયું હરિનું નામ રે;
ભરત - શત્રુઘ્ન તજી જનેતા, નવ તજિયા શ્રીરામ રે. નારાયણ૦
ઋષિપત્નીએ હરિને કાજ, તજિયા નિજ ભરથાર રે;
તેમાં તેનું કાંઈ ન ગયું, પામી પદારથ ચાર જી. નારાયણ૦
વ્રજવનિતા વિઠ્ઠલને કાજે, સર્વ તજી વન ચાલી રે;
ભણે 'નરસૈંયો' વૃંદાવનમાં, મોહન વરશું મા'લી રે. નારાયણ૦

૧૫. પ્રાણ થકી મને વૈષ્ણવ વહાલા

પ્રાણ થકી મને વૈષ્ણવ વહાલા, અહરનિશ એને ગાઉં રે (ટેક)
તપ, તીરથ, વૈકુંઠપદ મૂકી, મારા ભક્ત બોલાવે ત્યાં જાઉં રે.....
અંબરીષ રાજા મને અતિ ઘણો વહાલો, દુર્વાસાએ માન ભંગ કીધું રે;
મેં મારું અભિમાન તજીને ચક્ર સુદર્શન વાળી લીધું રે....
ગજને કારણ વા'લો રે ધાયો, સંતોની કરવા સાર રે;
ઊંચનીચ હું તો કાંઈ નવ જાણું, મને ભજે તે મારાં રે.....
લક્ષ્મીજી અર્ધાંગના મારી, પણ મારા સંતની દાસી રે;
અડસઠ તીરથ મારા સંતને ચરણે, કોટિ ગંગા, કોટિ કાશી રે.....
સંત ચાલે ત્યાં હું આગળ ચાલું, ને સંત સૂએ તો હું જાગું રે;
મારા સંતની નિંદા કરે તેની, જિહ્‌વા સદા જ કાપું રે.....
મારા રે બાંધ્યા વૈષ્ણવ છોડે, વૈષ્ણવે બાંધ્યા મેં નવ છૂટે રે;
એક વાર વૈષ્ણવ મને બાંધે તો, તે બંધન નવ તૂટે રે....
બેસી ગાય ત્યાં હું ઊભો સાંભળું, ઊભા ગાય ત્યાં હું નાચું રે;
હું તો વૈષ્ણવથી ક્ષણ નહિ અળગો, ભણે 'નરસૈંયો' સાચું રે.....

૧૬. જેને ઘેર હરિજન હરિરસ ગાય

જેને ઘેર હરિજન હરિરસ ગાય, તે તો નિત્ય ગંગા ન્હાય.
અડસઠ તીરથ ગુરુને આંગણે, દૂર ગયે શું થાય ? (ટેક)
ધ્રુવ નાહ્યા, પ્રહલાદ નાહ્યા, હેતે નાહ્યા હનુમાન;
પ્રીત કરી પરીક્ષિત નાહ્યા, જોગી શુકદેવ ગાય. જેને૦
સહુ સંત મળી ધારણ બાંધ્યું, જ્ઞાનગંગા તોળાય;
જપ તપ તીરથ જોડે મળ્યાં, તેમાં સર્વ સાધન મળી જાય. જેને૦
જ્ઞાનગંગાને મહિમા મોટો, મુખે કહ્યો નવ જાય;
ભલે મળ્યા 'નરસૈંયા'ના સ્વામી, હેતે હરિના ગુણ ગાય. જેને૦

૧૭. રાત રહે જાહરે પાછલી ખટ ઘડી

રાત રહે જાહરે, પાછલી ખટ ઘડી, સાધુ પુરુષને સૂઈ ન રહેવું.
નિદ્રાને પરહરી સમરવા શ્રીહરિ, એક તું એક તું એમ કહેવું. રાત૦
જોગિયા હોય તેણે જોગ સંભાળવા, ભોગિયા હોય તેણે ભોગ તજવા;
વેદિયા હોય તેણે વેદ વિચારવા, વૈષ્ણવ હોય તેણે કૃષ્ણ ભજવા. રાત૦
સુકવિ હોય તેણે સદ્‌ગ્રંથ બાંધવા, દાતાર હોય તેણે દાન કરવું;
પતિવ્રતા નારીએ કંથને પૂછવું, કંથ કહે તે બધું ચિત્ત ધરવું. રાત૦
આપણે આપણા ધર્મ સંભાળવા, કર્મનો મર્મ લેવો વિચારી;
'નરસૈંયા'ના સ્વામીને સ્નેહથી સમરતાં, ફરી નવ અવતરે નર ને નારી. રાત૦

૧૮. જાગીને જોઉં તો

જાગીને જોઉં તો જગત દીસે નહિ, ઊંઘમાં અટપટા ભોગ ભાસે;
ચિત્ત ચૈતન્ય વિલાસ તદ્રુપ છે, બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે. જાગીને૦
પંચ મહાભૂત પરબ્રહ્મ વિષે ઊપજ્યાં, અણુ અણુ માંહી રહ્યાં રે વળગી;
ફૂલને ફળ તે તો વૃક્ષનાં જાણવાં, થડ થકી ડાળ તે નહિ રે અળગી. જાગીને૦
વેદ તો એમ વદે, શ્રુતિ-સ્મૃતિ શાખ દે, કનક કુંડળ વિષે ભેદ નોયે;
ઘાટ ઘડ્યા પછી, નામ-રૂપ જૂજવાં, અંતે તો હેમનું હેમ હોયે. જાગીને૦
જીવ ને શિવ તો, આપ-ઇચ્છાએ થયા, રચી પરપંચ ચૌદ લોક કીધા;
ભણે 'નરસૈંયો' એ, તે જ તું, તે જ તું, એને સમર્યાથી કંઈ સંત સીધ્યા.
જાગીને૦

૧૯. મારી હૂંડી સ્વીકારો મહારાજ રે

મારી હૂંડી સ્વીકારો મહારાજ રે, શામળા ગિરધારી !
મારી હૂંડી શામળિયાને હાથ રે, શામળા ગિરધારી !
રાણાજીએ રઢ કરી, વળી મીરાં કેરે કાજ, (૨)
ઝેરના પ્યાલા મોકલ્યાં રે, વહાલો ઝેરના તારણહાર રે;
શામળા ગિરધારી ! મારી હૂંડી સ્વીકારો મહારાજ રે.
સ્તંભ થકી પ્રભુ પ્રગટિયા, વળી ધરિયાં નરસિંહ રૂપ, (૨)
પ્રહ્લાદને ઉગારિયો રે, વહાલે માર્યો હરણાકંસ ભૂપ રે;
શામળા ગિરધારી ! મારી હૂંડી સ્વીકારો મહારાજ રે.
ગજને વહાલે ઉગારિયો રે, વળી સુદામાની ભાંગી ભૂખ, (૨)
દોહલીવેળાનામારાવાલમારે, તમેભક્તોનેઆપ્યાસુખરે;
શામળા ગિરધારી ! મારી હૂંડી સ્વીકરો મહારાજ રે.
પાંડવની પ્રતિજ્ઞા પાળી, વળી દ્રૌપદીનાં પૂર્યાં ચીર, (૨)
નરસૈંયાની હૂંડી સ્વીકારજો રે, તમે સુભદ્રાબાઈના વીર રે;
શામળા ગિરધારી ! મારી હૂંડી સ્વીકારો મહારાજ રે.
ચાર જણા તીરથવાસી ને, વળી રૂપિયા છે સો સાત, (૨)
વહેલા પધારજો દ્વારિકા રે, એને ગોમતી ન્યાહાની ઘણી ખાંતરે;
શામળા ગિરધારી ! મારી હૂંડી સ્વીકારો મહારાજ રે.
રહેવાને નથી ઝૂંપડું વળી જમવા નથી જુવાર, (૨)
બેટો બેટી વાળવિયાં રે, મેં તો વળાવી ઘર કેરી નાર રે;
શામળા ગિરધારી ! મારી હૂંડી સ્વીકારો મહારાજ રે.
ગરથ મારું ગોપી ચંદન, વળી તુલસી હેમનો હાર, (૨)
સાચું નાણું મારે શામળો રે, મારી દોલતમાં ઝાંઝપખાજ રે;
શામળા ગિરધારી ! મારી હૂંડી સ્વીકારો મહારાજ રે.
તીરથવાસી, સૌ ચાલિયા, વળી આવ્યા નગરની માંહે; (૨)
આ શહેરમાં એવું કોણ છે રે, જેનું શામળાશા શેઠ એવું નામ.

શામળા ગિરધારી ! મારી હૂંડી સ્વીકારો મહારાજ રે.
નથી બ્રાહ્મણ, નથી વાણિયો, નથી ચારણ, નથી ભાટ, (૨)
લોક કરે છે ઠેકડી રે, નથી શામળશા શેઠ એવું નામ રે;
શામળા ગિરધારી ! મારી હૂંડી સ્વીકારો મહારાજ રે.
તીરથવાસી સૌ ચાલિયા વળી આવ્યા નગરની બહાર, (૨)
વેશ લીધો વણિકનો રે, મારું શામળશા શેઠ એવું નામ રે;
શામળા ગિરધારી ! મારી હૂંડી સ્વીકારો મહારાજ રે.
હૂંડી લાવો હાથમાં, વળી આપું પૂરા દામ, (૨)
રૂપિયા આપું રોકડા રે, મારું શામળશા શેઠ એવું નામ રે;
શામળા ગિરધારી ! મારી હૂંડી સ્વીકારો મહારાજ રે.
હૂંડી સ્વીકારી વહાલે શામળે, વળી અરજે કીધા કામ, (૨)
મહેતાજી ફરી લખજો રે, મુજ વાણોતર સરખાં કાજ રે;
શામળા ગિરધારી ! મારી હૂંડી સ્વીકારો મહારાજ રે.

૨૦. ભૂતળ ભક્તિ પદારથ મોટું

ભૂતળ ભક્તિ પદારથ મોટું, બ્રહ્મલોકમાં નાહીં રે;
પુણ્ય કરી અમરાપુરી પામ્યા, અંતે ચોરાશી માંહી રે....
હરિનાં જન તો મુક્તિ ન માગે, જનમોજનમ અવતાર રે;
નિત સેવા, નિત કીર્તન ઓચ્છવ નીરખવા નંદકુમાર રે.....
ભરતખંડ ભૂતળમાં જનમી, જેણે ગોવિંદના ગુણ ગાયા રે;
ધન ધન રે એનાં માતપિતાને, સફળ કરી એણે કાયા રે.....
ધન વૃન્દાવન ધન એ લીલા, ધન એ વ્રજનાં વાસી રે,
અષ્ટ મહાસિદ્ધિ આંગણિયે રે ઊભી, મુક્તિ છે એમની દાસી રે....
એ રસનો સ્વાદ શંકર જાણે, કે જાણે શુક જોગી રે;
કાંઈ એક જાણે વ્રજની રે ગોપી, ભણે 'નરસૈંયો' ભોગી રે....

★ સાચો જ્ઞાની વાદવિવાદ કરતો નથી. વાદવિવાદ પણ એક અજ્ઞાનતાની જ અવસ્થા ગણાય છે. - વિદુરનીતિ

૨૧. અખિલ બ્રહ્માંડમાં

અખિલ બ્રહ્માંડમાં, એક તું શ્રી હરિ,
જૂજવે રૂપે અનંત ભાસે;
દેહમાં દેવ તું, તેજમાં તત્ત્વ તું,
શૂન્યમાં શબ્દ થઈ વેદ વાસે. અખિલ૦
પવન તું, પાણી તું, ભૂમિ તું, ભૂધરા,
વૃક્ષ થઈ ફૂલી રહ્યો આકાશે;
વિવિધ રચના કરી, અનેક રસ લેવાને,
શિવથકીજીવથયો.એજઆશે.અખિલ૦
વેદ તો એમ વદે, શ્રુતિ-સ્મૃતિ શાખ દે,
કનક-કુંડળ વિષે ભેદ ન હોયે;
ઘાટ ઘડ્યા પછી, નામરૂપ જૂજવાં,
અંતે તો હેમનું હેમ હોયે. અખિલ૦
ગ્રંથ ગરબડ કરી, વાત ન કરી ખરી,
જેહને જે ગમે તેને પૂજે;
મન-કર્મ-વચનથી આપ માની લહે,
સત્ય છે એ જ મન એમ સૂઝે. અખિલ૦
વૃક્ષમાં બીજ તું બીજમાં વૃક્ષ તું,
જોઉં પટંતરો એ જ પાસે;
ભણે 'નરસૈંયો' એ મન તણી શોધના,
પ્રીત કરું પ્રેમથી પ્રગટ થાશે. અખિલ૦

★ સર્વ અનિષ્ટો અને દુઃખોનું મૂળ કારણ છે અજ્ઞાનતા. જો આપણે મનુષ્યોને જ્ઞાનપ્રકાશ આપી શકીએ, તેને અધ્યાત્મવીર બનાવી શકીએ, સમગ્ર માનવજાતને પવિત્ર, શિક્ષિત અને જ્ઞાનસંપન્ન બનાવી શકીએ તો જ સર્વ દુઃખોની સમાપ્તિ થઈ શકે, નહિ તો નહિ. - પ્રણવાનંદજી

૨૨. કૃષ્ણ કહો, કૃષ્ણ કહો

કૃષ્ણ કહો કૃષ્ણ કહો, આ અવસર છે કે'વાનું;
પાણી તો સર્વે વરસી જાશે, રામનામ છે રે'વાનું. કૃષ્ણ૦
રાવણ સરખા ચાલ્યા, અંતકાળની આંટીમાં;
પલકવારમાં પકડી લીધા, જાણો જમની ઘાંટીમાં, કૃષ્ણ૦
લખેસરી લાખો લૂંટાયા, કાળે તે નાખ્યાં કૂટીને;
ક્રોડપતિનું જોર ન ચાલ્યું, એ નર ગયા ઊઠીને. કૃષ્ણ૦
એ કહેવાનું સૌને કહીએ, અંતર તાળી લાગી રે;
ભણે 'નરસૈંયો' ભજતાં પ્રભુને, ભવની ભાવટ ભાંગી રે. કૃષ્ણ૦

૨૩. શાંતિ પમાડે તેને સંત કહીએ

અહો ભાઈ રે, શાંતિ પમાડે તેને સંત કહીએ;
એના દાસના દાસ થઈને રહીએ. અહો૦
વિદ્યાનું મૂળ જયારે ગુરુજી ના બતાવે,
ત્યારે મહેતાનો માર શીદ ખાઈએ ? (૨)
કીધા ગુરુજી ને બોધ નવ આપે,
ત્યારે તેના ચેલા તે શીદ થઈએ ? અહો૦
વૈદ્યની ગોળી ખાતાં દુ:ખ નવ જાયે,
ત્યારે તેની ગોળી તે શીદ ખાઈએ ? (૨)
લીધા વળાવા ને ચોર જયારે લૂંટે,
ત્યારે તેની સોબતે શીદ જઈએ ? અહો૦
કલ્પવૃક્ષ સેવીએ ને દારિદ્ર ઊગે,
ત્યારે તેની છાયામાં શીદ રહીએ ? (૨)
રાજાની નોકરીમાં ભૂખ નવ ભાંગે,
ત્યારે તેની વેઠે તે શીદ જઈએ ? અહો૦
નામ અમૃત મારા ગુરુએ બતાવ્યું,
ત્યારે તે તો ચોંટ્યું છે મારે હૈયે. (૨)
'મહેતા નરસૈંયા'ની વાણી છે સારી,
શામળાને શરણે કેમ ન જઈએ ? અહો૦

૨૪. નાથ કૈસે ગજકો બંધ છુડાયો

નાથ કૈસે ગજકો બંધ છુડાયો
યહી અચરજ મોહે આયો ! (ટેક)

ગજ ઔર ગ્રાહ લડત જલ ભીતર,
લડત લડત ગજ હાર્યો;
જવભર સૂંઢ રહી જલ ઉપર,
તબ હરિનામ પુકાર્યો. નાથ કૈસે૦

શબરી કે બોર સુદામા કે તંદુલ,
રુચિ રુચિ ભોગ લગાયો;
દુર્યોધન કા મેવ્યા ત્યાગો,
ભાજી વિદુર ઘર પાયો. નાથ કૈસે૦

પૈઠ પાતાલ કાલિનાગ નાથ્યો,
ફન પર નૃત્ય કરાયો;
ગિરિ ગોવર્ધન કર પર ધાર્યો,
નંદ ઘર લાલ કહાયો. નાથ કૈસે૦

અઘાસુર માર્યો, બકાસુર માર્યો,
દાવાનલ પાન કરાયો;
સ્થંભ ફોડી હિરણાકસ માર્યો,
નરસિંહ નામ ધરાયો. નાથ કૈસે૦

અજામિલ-ગજ-ગુનકા તારી,
દ્રૌપદીકો ચીર પુરાયો;
પયપાન કરત પૂતના મારી,
કુબજાકો રૂપ બનાયો. નાથ કૈસે૦

કૌરવ-પાંડવકો યુદ્ધ રચાયો,
કૌરવકો માર હઠાયો;

દુર્યોધનકો માન ઘટાયો,
મોહે ભરોંસો આયો. નાથ કૈસે૦
સબ સખિયન મિલી કંગન બાંધ્યો,
રેશમ ગાંઠ બંધાયો;
છૂટે નહિ રાધાજીકો કંગન,
કિસ બિધ ધનુષ ઉઠાયો ? નાથ કૈસે૦
જોગી જાકો ધ્યાન ધરત હૈ,
ધ્યાન ધરત નહીં આયો;
સુરદાસ પ્રભુ તિહારે મિલનમેં
યશોદાકી ધેનુ ચરાયો. નાથ કૈસે૦

૨૫. અબ મૈં નાચ્યો બહુત ગોપાલ

અબ મૈં નાચ્યો બહુત ગોપાલ.
કામક્રોધકો પહિરિ ચોલના,
કંઠ વિષયકી માલ.
મહામોહકે નૂપુર બાજૈ,
નિંદા શબ્દ રસાલ;
ભરમ ભર્યો મન ભયો પખાવજ,
ચલત કુસંગત ચાલ.....
તૃષ્ણા નાદ કરત ઘટ ભીતર,
નાનાવિધિ દૈ તાલ;
માયાકો કટિ ફેંટા બાંધ્યો,
લોભ તિલક દિયો ભાલ.
કોટિક કલા કાંછિ દેખરાઈ,
જલથલ સુધિ નહીં કાલ;
સુરદાસકી સબૈ અવિદ્યા,
દૂરિ કરો નંદલાલ !

૨૬. પ્રભુ મોરે અવગુન ચિત્ત ન ધરો

પ્રભુ ! મોરે અવગુન ચિત્ત ન ધરો.
સમદરસી હૈ નામ તિહારો,
ચાહે તો પાર કરો
ઈક નદિયા ઈક નાલ કહાવત,
મૈલો હિ નીર ભરો;
જબ દોનોં મિલ એક બરન ભયે,
સુરસરિ નામ પરો.
ઈક લોહા પૂજામેં રાખત,
ઈક ઘર બધિક પરો;
પારસ ગુન-અવગુન નહીં ચિતવૈ,
કંચન કરત ખરો.
યહ માયા ભ્રમજાલ કહાવૈ,
સુરદાસ સગરો,
અબકી બાર મોહિ પાર ઉતારો,
નહીં પ્રન જાત ટરો.

૨૭. આટલું તો આપજે

આટલું તો આપજે, ભગવાન મને છેલ્લી ઘડી
ના રહે માયા તણા, બંધન મને છેલ્લી ઘડી
જીવનભર સળગી રહ્યો સંસારના સંતાપમાં
મિથ્યા જગતની દૂર રહે એ વાસના છેલ્લી ઘડી
જિંદગીનું કર્મ શું એ જીવનમાં સમજ્યો નહીં
કર્મ નિષ્ફળ બને આપજે ત્યારે પ્રભુમય મન મને છેલ્લી ઘડી
મરણ શૈય્યા પર પડી મિંચાય છેલ્લી આંખડી
ઓ દયાળુ ! આપજે દર્શન મને છેલ્લી ઘડી

૨૮. ગોવિંદકૃષ્ણ હરિ

ગોવિંદકૃષ્ણ હરિ, ભજો રે ભૈયા, ગોવિંદ કૃષ્ણ હરિ !
એ કાયા કાગજકી પૂતરી, છીનમેં જાત જરી. ભજો૦
માલ દામ કછુ લાગત નાહીં, છૂટત ના ગઠરી, ભજો૦
જા મુખે સુર પ્રભુ ના સમર્યો, તા મુખ ધૂર પરી. ભજો૦

૨૯. સબ સે ઊંચી પ્રેમસગાઈ

સબસે ઊંચી પ્રેમસગાઈ. (ટેક)
દુર્યોધનકો મેવા ત્યાગો,
સાગ વિદુર ઘર પાઈ. સબસે૦
જૂઠે ફળ શબરી કે ખાયે, બહુવિધિ પ્રેમ લગાઈ;
પ્રેમકે બસ નૃપસેવા કીન્હીં,
આપ બને હરિ નાઈ. સબસે૦
રાજસુયગ્ય યુધિષ્ઠિર કીનો, તામેં ઝૂઠ ઉઠાઈ;
પ્રેમકે બસ અર્જુન-રથ હાંકયો,
ભૂલ ગયે ઠકુરાઈ. સબસે૦
ઐસી પ્રીત બઢી વૃંદાવન, ગોપિન નાચ નચાઈ;
સુર કૂર ઈસ લાયક નાહીં,
કહે લગિ કરૌં બડાઈ. સબસે૦

૩૦. નિરધનકો ઘનશ્યામ હમારો

નિરધનકો ઘનશ્યામ હમારો.
ખાત ન ખૂટે, ચોર ન લૂંટે, આવત નિશદિન કામ.
દિનદિન હોત સવાયો દૂનો, અંતે દેત સુખ-ધામ;
જલમેં ન ડૂબે, અગ્નિ ન જારૈ, સુંદર ઐસો નામ.
કૃષ્ણનામકો ભજ લે પ્રાણી, વૈકુંઠવાસ હૈ ઠામ;
સુરદાસ પ્રભુ મુખમેં આવત, પારસકો કહાં કામ ?

૩૧. બેર બેર નહિ આવે

બેર બેર નહિ આવે;
અવસર બેર બેર નહિ આવે.
જો જાને તો કર લે ભલાઈ;
જન્મોજન્મ સુખ઼ પાવે, અવસર૦
ધન જોબન અંજલિકો પાની;
વણસતાં દેર ન લાગે,
તન છૂટે ધન કૌન કામકો ?
કાયકું કૃપણ કહાવે ? અવસર૦
જાકો મન લાગ્યો કૃષ્ણ સ્નેહશું;
જૂઠ કબહું ન આવે,
સુરદાસ પ્રભુવિનતિ યેહી;
હરખી નીરખી ગુણ ગાવે. અવસર૦

૩૨. લક્ષ્મીજીના નાથ

લક્ષ્મીજીના નાથ મારે સાચો તમારો સાથ છે (૨)
દ્રૌપદીના ભ્રાત મારે સાચો તમારો સાથ છે (૨)
સાચો તમારો સાથ છે જેથી મને નિરાંત છે.
શાને ડરવું ઓ સ્વામી તમારો જ્યાં સુધી શિર પર હાથ છે. લ૦
મીઠું મધુરું નામ તમારું મુખમાં દિન ને રાત છે (૨)
હવે તો મોહન તમને મળવું, એમાં શું મોટી વાત છે. લ૦
નામ રટણથી એ જ અમારે સોનાનું પ્રભાત છે.
અટકીએ જો એક દિવસ તો એ મોટો અપરાધ છે. લ૦
સાથે અમૂલો રૂડો રંગીલો સંતોનો સંગાથ છે
માની લીધું મેં હૃદયમંદિરમાં રણછોડજી સાક્ષાત છે. લ૦

૩૬. તારો ભરોસો મને ભારી

ઓ મારા વહાલા રે - તારો ભરોસો મને ભારી,
હાથ ઝાલ્યો તો લેજો ઉગારી.
ઓ કનૈયા રે, બાંધી છે પ્રીતડી તમારી.
હાથ ઝાલ્યો તો લેજો ઉગારી.
ઓ મારા વ્હાલા રે, જોજે ના લાજ જાય મારી,
હાથ ઝાલ્યો તો લેજો ઉગારી.
નરસિંહ મહેતાના તમે કામ જ કીધા'તા,
ઓ મારા વ્હાલા રે, નાગરની નાતને જમાડી-હાથ૦
કુંવરબાઈનું મામેરું પૂરવા,
ઓ મારા વ્હાલા રે, શેઠ શામળશા રૂપ ધારી-હાથ૦
ભક્ત સુધન્વા તમને પુકારે,
ઓ મારા વ્હાલા રે, ઊકળતા તેલ દીધા ઠારી-હાથ૦
ભક્ત બોડાણાની વિનંતી સુણીને,
ઓ મારા વ્હાલા રે, દ્વારકાથી ડાકોર આવ્યા-હાથ૦
મીરાં તે બાઈનો સાદ સુણીને,
ઓ મારા વ્હાલા રે, વિષના રે અમૃત ધારી- હાથ૦
ભરી સભામાં દ્રૌપદી પોકારે,
ઓ મારા વ્હાલા રે, ચીર પૂર્યા મોરારી-હાથ૦
ભક્ત પ્રહ્‌લાદની ટેક તમે રાખવા,
ઓ મારા વ્હાલા રે, સ્તંભ ફાડીને લીધો ઉગારી-હાથ૦
ભારત ભૂમિનો ભાર ઉતારવા,
ઓ મારા વ્હાલા રે, ગોકુળમાં ગાયો ચરાવી-હાથ૦
જન્મ-મરણની તોડી દે બેડી,
ઓ મારા વ્હાલા રે, 'નંદુ' કહે છે પોકારી-હાથ૦

૩૯. અરજી સાંભળો સર્જનહાર

અરજી સાંભળો સર્જનહાર, અંબે આવી કરજો વ્હાર,
જીવરાજ રાજા બુદ્ધિ મહારાણી, દેહનગર મોઝાર,
કૂડાં સંગાથી મળ્યા કાયામાં, કેમ ઊતરું ભવપાર-અરજી૦
મનજીભાઈ છે મોટા દિવાનજી, મોહજી મામલતદાર,
તૃષ્ણાશંકર બન્યા તલાટી, મતસિંહ મોજણીદાર-અરજી૦
પ્રપંચસિંહજી પોલીસ પટેલ છે, મદસિંહજી છે મતાદાર,
રોફસિંહ ફરતા રાવણિયા થઈને, પરદ્રોહ પટાદાર-અરજી૦
લાંચિયાશંકર લાગવગ કારકુન, ધનજી શિરસ્તેદાર,
કામદેવ કાકો તગાવી કારકુન, દેતાં કરે ના વિચાર-અરજી૦
લોભસિંહ મોટા લશ્કરી કેપ્ટન, ક્રોધસિંહજી ફોજદાર,
હુંપદસિંહજી મોટા હવાલદાર, જિદસિંહજી જમાદાર-અરજી૦
કાયાનગરમાં મુખ દરવાજે, બત્રીસ ખરીદદાર,
જીભડી કાકી વ્હોરાવે જાતે, ખટમીઠા તીખા આહાર-અરજી૦
વિલાસસિંહજી વધ્યા કાયામાં, મુકાવ્યું મોક્ષનું દ્વાર,
જુવાનસિંહજી જીવ લઈ નાઠા, લાવ્યા જરાસિંહ તાર-અરજી૦
સફેદ વાવટો ફરકાવી દીધો, બત્રીસ કાઢ્યા બહાર,
કામદેવ કાકા કંપીને નાઠા, લોચનપુરી અંધકાર-અરજી૦
ડોલી મસ્તકપુરી, ચર્ણો રહ્યાં ઝૂરી, છૂટ્યાં વોરંટ તે વાર,
બુદ્ધિ મહારાણી કહે છે રાજાને, કેમ સહીશું જમમાર-અરજી૦
જીવરાજ, જાચે જાણ્યો ના જનની ગરભે કીધેલો કરાર,
'પુરુષોત્તમ' કહે પાપી છું પૂરો, આખરની બાજી સુધાર-અરજી૦
અરજી સાંભળો સર્જનહાર, અંબે આવી કરજો વ્હાર.

★ સત્ય તો પરમાર્થ છે, આત્મા છે. પરમાત્મા છે. એમાં જેટલા પ્રતિષ્ઠિત થાઓ એટલું તમારું મંગલ થશે. તમારી નજર જેમના પર પડશે, એમનું પણ મંગલ થશે. - આશારામબાપુ

૪૦. અર્જુનની પ્રાર્થના

અબ સોંપ દિયા ઈસ જીવનકા સબ ભાર,
તુમારે હાથો મેં સબ ભાર તુમારે હાથો મેં.
હૈ જીત તુમ્હારે હાથો મેં, ઔર તુમારે હાથો મેં.
ઔર મેરા નિશ્ચય બસ એક યહી
ઈસ બાર તુમ્હે પા જાઉં મેં......ઈક બાર
અર્પણ કર દું દુનિયાભરકા
સબ પ્યાર તુમારે હાથો મેં......સબ પ્યાર૦
જો જગમેં રહું તો ઐસે કહું
જ્યોં જલમેં કમલ રહે......જ્યોં જલમેં૦
મેરે સબ ગુણ દોષ સમર્પિત હો
કર્તાર તુમ્હારે હાથો મેં....કર્તાર તુમારે૦
યદિ માનવકા મુજે જન્મ મિલે
તો તમ ચરણોકા પુજારી બનું.....તો તમ૦
ઈસ પીંજરકી ઈક ઈક રગ કા
હો તાર તુમ્હારે હાથો મેં......હો તાર૦
જબ જબ સંસારકા કૈદી બનું
નિષ્કામ ભાવસે કર્મ કરું.....નિષ્કામ૦
ફિર અંત સમયમેં પ્રાણ તજું
નિરાકાર તુમ્હારે હાથો મેં......નિરાકાર૦
મુઝમેં તુઝમેં બસ ભેદ યહી
મૈં નર હું તુમ નારાયણ હો......મૈં નર હું૦
મૈં હું સંસાર કે હાથો મેં
સંસાર તુમારે હાથ મેં.....સંસાર૦

★ સંયોગ કરતાં વિયોગમાં ભક્તિની માત્રા વધે છે. સુખમાં તો સોની યાદ આવે, દુ:ખમાં જ રામ સાંભરે.

– બંધુત્રિપુટી મહારાજ

૪૧. મા મને દેજે સમાચાર

(રાગ : માછીડા હોડી હંકાર)

મા મને દેજે સમાચાર ભેટો ક્યારે થવાનો
રોજ રોજ આવે વિચાર ભેટો ક્યારે થવાનો
નિસરું છું ગોતવાને રાહે અથડાવું
સાચું સરનામું માડી તારું ભૂલી જાઉં
આડો આવે માયાનો તાર, ભેટો ક્યારે થાવાનો
મા મને દેજે સમાચાર

માયાનો પડદો દૂર કરી નાંખજે
કૃપા કરી મને સીધા રાહે રાખજે
પામું છું તારો સંગાથ, ભેટો ક્યારે થવાનો
મા મને દેજે સમાચાર

તારી મીઠી નજર એક જ બસ છે
બાળને સંભારવામાં તારો જ યશ છે
કરજો મને સાચો વારસદાર, ભેટો ક્યારે થવાનો
મા મને દેજે સમાચાર

એવું વ્હાણું ક્યારે મારા જીવનમાં વ્હાશે
પુનિત મસ્તાનને ક્યારે બોલાવશે,
જનમ મરણ સુધાર, ભેટો ક્યારે થવાનો
મા મને દેજો સમાચાર

૪૨. મુક્તિ હરિ કને માગો રે

સેજે સૂતા જન જાગો રે, મુક્તિ હરિ કને માગો રે.
આત્મ તત્ત્વને લીઓ ઓળખી, સંત ચરણે લાગો રે,
અનુભવે શ્રીરામને ઓળખો, તમે તૃષ્ણાને ત્યાગો રે. -સેજે૦
ચાબખડો સદ્‌ગુરુ તણો, જેને વેહ ઘણો લાગ્યો રે,
શુદ્ધ વિચારી સંસારિયામાં ભ્રમણાને ભાંગો રે -સેજે૦
સદ્‌ગુરુની સેવા કરીને, પહેરી લ્યો પ્રેમનો વાઘો રે,
ભોજો ભગત કહે હરિ ભજ્યા વિણ નર જાશે નાગો રે -સેજે૦

૪૩. તાર તંબુરો સતીના હાથમાં

જાડેજા રે, તાર-તંબુરો સતીના હાથમાં રે જી,
કરે અલખને આરાધ, જાડેજા રે બોલ્યા હતા રે મેવાડમાં.
દી'ના બોલ સંભાર, વચન સંભારી વે'લા જાગજો રે,
જાડેજા રે, માલો રૂપાં રે, આવ્યાં મેવાડથી રે,
વચન દીધાં તેને કાજ, જાડેજા રે, ત્રણ દા'ડા ને ત્રણ ઘડી રે,
શૂરો હોય તો રે જાગ, જાડેજા રે તાર તંબૂરો.....
જાડેજા રે, માલા પારેખ ને રૂપાં પેઢીએ રે.
હીરા હીરા લાલ પરખાય, જાડેજા રે, ખરાં ખોટાનાં પડશે પારખાં રે.
ચૂક્યાં તો જાશે ચોરાશી માંય, જાડેજા રે તાર તંબૂરો.....
જાડેજા રે, કાલી કે'વરાશે, તોરલ કાઠિયાણી રે.
મૂવા પછી બોલ્યાનાં છે નીમ,
જાડેજા રે, ધૂપ ધજા નાળિયેર ચડે રે
ખરાખરીનો છે ખેલ, જાડેજા રે, તાર-તંબૂરો.....
જાડેજા રે, આળસ છોડી જેસલ ઊઠચો રે,
ભાંગી ભા'યાની રે ભ્રાંત, પહેલાં મળ્યાં રૂપાં-માલાને રે,
પછી મળ્યાં તોરલ નાર, જાડેજા રે તાર તંબૂરો.....
જાડેજા રે, કરી લ્યો કેસરિયા છાંટણા રે,
મોડ મીંઢોળ જાડેજાને હાથ, કન્યા કેસરિયાં પહેરશે રે,
લાગી વિવા'ની ખાંત, જાડેજા રે, તાર-તંબૂરો.....
જાડેજા રે, જેસલને ઘરે તોરલ બોલિયાં રે,
સાચૂલીમાં પૂર્યો દાવ, સહુ વળાવી પાછાં વળ્યાં છે રે,
ન વળ્યાં તે તોરલ નાર, જાડેજા રે, તાર-તંબૂરો.....

૪૪. પાપ તારું પ્રકાશે જાડેજા

પાપ તારું પ્રકાશે જાડેજા, ધર્મ તારો સંભાળ રે.
તારી બેડલીને બૂડવા નહીં દઉં (૨)
એ જાડેજા રે એમ તોરલ કે' છે જી.
તોડી સરોવર પાળ સતી નારી તોડી સરોવર પાળ રે.
ગૌધન તરસ્યાં વાળિયાં (૨) તોળાં દે' રે એમ જેસલ કહે છે જી.
લૂંટી કુંવારી જાન સતી નારી લૂંટી કુંવારી જાન રે,
મેં તો સાત વીસુ મોડબંધા મારિયા (૨)
તોળાંદે રે એમ જેસલ કે' છે જી
પાપ તારું પ્રકાશે જાડેજા, ધર્મ તારો સંભાળ રે.
હરણ હણ્યાં લખ ચાર, સતી નારી (૨)
મેં તો વનના તે મોરલા મારિયા,
તોળાંદે રે એમ જેસલ કે' છે જી.
પાપ તારું પ્રકાશે જાડેજા, ધર્મ તારો સંભાળ રે.
ચરતી વાળી ગાય સતી નારી (૨)
મેં તો બેન ભાણેજને દુભાવિયાં,
તોળાંદે રે એમ જેસલ કે' છે જી.
પાપ તારું પ્રકાશે જાડેજા, ધર્મ તારો સંભાળ રે.
તારી બેડલીને બૂડવા નહીં દઉં (૨)
એ જાડેજા રે એમ તોરલ કે' છે જી.
જેટલા મથ્થેજા વાળ સતી નારી (૨)
એટલાં તો કરમ મેં કરિયાં,
તોળાંદે રે એમ જેસલ કે' છે જી.
પાપ તારું પ્રકાશે જાડેજા, ધર્મ તારો સંભાળ રે.
તારી બેડલીને બૂડવા નહીં દઉં (૨)
એ જાડેજા રે એમ તોરલ કે' છે જી.

૪૫. લોચનિયું કાજળ વિના સૂનું

લોચનિયું કાજળ વિના સૂનું,
હૃદય સૂનું રે હરિ નામ વિના.
દીપક વિના જેમ મંદિર સૂનું,
રજની સૂની રે જેમ ચંદ્ર વિના,
લોચનિયું કાજળ વિના સૂનું.....
દશરથ વિના અયોધ્યા સૂની,
ભરત સૂના રે શ્રી રામ વિના,
લોચનિયું કાજળ વિના સૂનું.....
સ્નેહ વિના જેમ સગપણ સૂનું,
પરિવાર સૂનો સહુ પુત્ર વિના,
લોચનિયું કાજળ વિના સૂનું......
જળ વિના જેમ પોયણી સૂની,
ભ્રમર સૂનો જેમ કમળ વિના,
ભણે રવિદાસ સૂણ સારંગપાણી,
નિર્ધનિયા જેમ હરિનામ વિના,
લોચનિયું કાજળ વિના સૂનું......

૪૬. સીરી રામ કહે હનુમાના

સીરી રામ કહે હનુમાના, સુન બચન કહું પરમાના.
તુમ સીતા ખબર સુનાઈ, મેરે મનકી શોચ મિટાઈ,
તર આયો વારિ નિધાના, સુન બચન કહું પરમાના.
સાગરમેં સેતુ બનાયા, સબ લશ્કર પાર લંઘાયા,
કિયા લંકપુરીમેં ઠાના, સુન બચન કહું પરમાના.
લછમનકી જાન બચાઈ, સબ રાક્ષસ સેના ગીરાઈ,
રાવણ દશ શિશ ઊડાના, સુન બચન કહું પરમાના.
મમ કામ કિયા બડ ભાગી, તુમ જીયો વર્ષ હજારી,
બ્રહ્માનંદ ભોગ સુખ નાના, સુન બચન કહું પરમાના.

૪૭. તારો રખવૈયો છે રામ

તારો રખવૈયો છે રામ, તારો રખવૈયો છે રામ.
તું કેમ ખૂવે છે હામ, તારો રખવૈયો છે રામ.
જીવનની આ પગથારે, ભવસાગરના આ સંસારે,
તારું દૂર રહ્યું છે ગામ, તારો રખવૈયો છે રામ,
તું કેમ ખૂવે છે હામ, તારો રખવૈયો છે રામ,
તન નગરીના મન મંદિરમાં રાખી એનું નામ,
એની ભક્તિમાં તુજ શક્તિ, ખરચી નાખ તમામ.
તારો રખવૈયો છે રામ, તારો રખવૈયો છે રામ.
ચાલ ચાલ મન હાલ્યા જઈએ, જગને પેલે પાર,
પેલી પારે ક્ષિતિજ ધારે, સર્જાયો ઉદ્ધાર,
તું ભક્તિ કર નિષ્કામ, તારો રખવૈયો છે રામ,
તું કેમ ખૂવે છે હામ, તારો રખવૈયો છે રામ.

૪૮. ગોપીચંદ ભરથરીનું ભજન

સોનલા વાટકડી ને રૂપલા કાંસકડી,
બાલુડો જોગી બેઠો ના'વા રે ભરથરી. ટેક
હાથ પગ ચોળે એના ઘરની અસતરી,
વાંસના મોર ચોળે એની માડી રે......ભરથરી○
મોર ચોળંતા એનું હૈયું ભરાણું જો,
નેણલે આંસુડાંની ધાર રે......ભરથરી ○
નહિ રે વાદળી ને નહિ રે વીજળી,
ઓચિંતા નીર ક્યાંથી આવ્યાં રે.......ભરથરી○
આવી કાયા રે તારા બાપની હતી જો,
એ કાયાના મરતુક થયાં રે......ભરથરી ○
કો' તો માતાજી અમે દુવારકા જાયેં જો,
દુવારકાની છાપું લઈ આવું રે..... ભરથરી ○
કો'તો માતાજી અમે હિંગળાજ જાયેં જો,
હિંગળાજના ઠુમરા લઈ આવું રે.......ભરથરી○

૪૯. જીવને શ્વાસ તણી સગાઈ

જીવને શ્વાસ તણી સગાઈ, ઘરમાં ઘડી ન રાખે ભાઈ.
બાપ કહે બેટો અમારો, ને માતા મંગળ ગાઈ.
બ્હેની કહે છે બાંધવ અમારો, ભીડ પડે ત્યાં ભાઈ - જીવને૦
લીપ્યું અને ગૂંપ્યું આંગણું, ને કાઢવાની વેળા થઈ,
અડશો મા તમે અભડાશો, એમ લોક કરે ચતુરાઈ - જીવને૦
ઘરની નારી ઘડી ન મૂકે અંતે અળગી રહી,
'ભોજોભગત' કહે કંથ વળાવી, તરત બીજાને ગઈ- જીવને૦

૫૦. ભિક્ષા દેને મૈયા પિંગળા

ભિક્ષા દેને મૈયા પિંગળા, જોગી ઊભો છે તારે દ્વાર, મૈયા પિંગળા.
ભેખ રે ઉતારો રાજા ભરથરી, હૈયું કરે છે પોકાર, રાજા ભરથરી,
કેમ રે જોવાશે ભેખ તમારો, ખાવું ઝેર કટાર, રાજા ભરથરી.
કેસર ચંદન છોડીને આવ્યા, ધર્યો કાં ભભૂત અવતાર, રાજા ભરથરી.
હે લખ્યું જે લલાટે તે મિથ્યા ન થાતું, કરનારો કિરતાર, મૈયા૦
હે કંચન શી કાયા તે રાખ થવાની, શોભે નહિ શણગાર, મૈયા૦
રંગ રેલાવો રાજા રંગ મહેલમાં મારા, રેલાવું રંગધાર, રાજા૦
દયા કરી મને છોડો ન એકલી, મારગ બીચ મઝધાર, રાજા૦
જંગલના જોગી જંગલમાં શોભે, શોભે નહીં સંસાર, મૈયા૦
અલખ નિરંજન, અલખ નિરંજન, અલખ નિરંજન.....
અલખ નિરંજન, થાવા ભવસાગર પાર, મૈયા પિંગળા.
ભિક્ષા દેને મૈયા પિંગળા, જોગી ઊભો છે તારે દ્વાર, મૈયા પિંગળા.

★ સર્વ પ્રકારનાં ઉદ્વેગ અને દુઃખનો એક જ ઈલાજ છે. આપણે સુખી કેમ થઈએ એ પ્રશ્ન ઊઠે ત્યારે તત્કાળ પોતાને પ્રશ્ન પૂછવો કે હું સુખી કેમ નથી ? અને જે જવાબ મળે એ કારણને સમજપૂર્વક દૂર કરવું એ તમારો સર્વપ્રથમ પુરુષાર્થ હોવો જોઈએ. - રણછોડદાસજી મહારાજ

૫૨. કોણ નાના ને કોણ મોટા

સંસારમાં કોણ નાના ને કોણ મોટા,
એ જી.....તમને પડશે જમના સોટા-સંસારમાં૦
આ રે કાયાને એવી રે જાણજો, પાણી તણા પરપોટા,
જીવવું થોડેરું ને જંજાળ ઘણેરી, વેપાર કરવા છે ખોટા.
સંસારમાં કોણ નાના ને કોણ મોટા.
સોનાની થાળીમાં રોજ જમતાં ને, પીવાને કંચન લોટા,
છત્રપતિ જેવા ચાલ્યા ગયા રે, જગમાં મળે નહિ જોટા.
સંસારમાં કોણ નાના ને કોણ મોટા.
નયનોમાં નિંદર આવે ઘણેરી ને, રોજ પલંગ પર સૂતા,
દાસ જીવણ સંતો પડે રે ચરણે, જાણજો જન્મ્યા છે ખોટા.
સંસારમાં કોણ નાના ને કોણ મોટા.

૫૩. સીતારામ રામ બોલો

ટૂંકું ને ટચુંકડું આ નામ સીતારામ રામ બોલો
હૈયામાં રહી જાશે હામ સીતારામ રામ બોલો
અંતરમાં થાશે આરામ રાધેશ્યામ શ્યામ બોલો
તાળી પાડીને તમે રામ રામ બોલો
અંતરના પડદા ખોલો.....સીતારામ
મોહમાયા નિદ્રાને ત્યાગો (૨)
તો તો છે બચવાનો આરો......
જમડા આવશે જીવડાને લેવા, પછી થાશે પસ્તાવો
સીતારામ રામ બોલો
કર જોડીને આ દાસ વદે છે પ્રભુજી પાર ઉતારો
સીતારામ રામ બોલો

★ સેંકડો હાથેથી ભેગું કરો, અને હજાર હાથોથી વહેંચી દો.
- અથર્વવેદ

હવે ખૂટ્યું છે પગમાં જોર મારા વાલમા.....મને લાગી છે
તું દેતો જે પ્રેરણા તે કામ કરતો
તારા હુકમ વિના ના ડગ ભરતો
તને સોંપ્યો છે જીવનદોર મારા વાલમા.....મને લાગી છે
તને મેળવવા મનહર ભેખ લીધો
નથી સાંભળતો કોઈ વાત થયો રીઢો
વધુ કહેશું મચાવી શોર મારા વાલમા......મને લાગી છે

(સમાપ્ત)



સૌને જય શ્રી કૃષ્ણ

આજે સૌને જય શ્રી કૃષ્ણ, કાલે વહેલા આવજો,
હરિગુણ ગાવા, હરિરસ પીવા, આવે એમને લાવજો,
આજે સૌને જય શ્રી કૃષ્ણ. ટેક.
મન મંદિરના ખૂણે ખૂણેથી કચરો કાઢી નાખજો,
અખંડ પ્રેમ તણી જ્યોતિને કાયમ જલતી રાખજો. આજે સૌને૦
હરતાં ફરતાં કામો કરતાં, હૈયે રાખજો હરિને.
માન બડાઈ છેટી મેલી, ઈર્ષા કાઢી નાખજો. આજે સૌને૦
હૈયે હૈયાં ખૂબ મિલાવી, હરિનું નામ દીપાવજો,
ભક્તિ કેરાં અમૃત પીને, બીજાંને પિવડાવજો. આજે સૌને૦
સૌમાં એક જ પ્રભુ વિરાજે, સમજી પ્રીતિ બાંધજો,
શંકરની શીખ હૈયે ધારી, હરિથી સુરતા સાંધજો. આજે સૌને૦